# એડી. ચીફ જ્યુ. મેજી. સાહેબની કોર્ટમાં, તા. માંગરોળ, જી. સુરત.

**ફોજદારી કેસ નં. ૩૪૩૪/૨૦૨૫.**
**આંક -**

**ફરીયાદી - સરકારશ્રી**

**વિરૂદ્ધ**

**આરોપી - ૧. મયુર હીરાલાલ ભાલે.**

**<u>જુગાર ધારાની કલમ -૧૨ મુજબના ગુનાનો ઠરાવ</u>**

**૧.** આ કામે ફરીયાદી પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીઓ ફરીયાદમાં જણાવેલ સમય અને સ્થળે જાહેર જગ્યામાં પોતાના અંગત ફાયદા સારૂ પૈસાની હાર જીતનો જુગાર રમતાં મળી આવી, જુગાર ધારાની કલમ – ૧૨ મુજબનો ગુન્હો કરેલ. જેથી તે અંગેનું પંચનામું કરી તેઓની ધરપકડ કરવામાં આવેલ અને કાયદેસરની ફરીયાદ કરવામાં આવેલી, તપાસના અંતે આરોપી સામે પુરતો પુરાવો જણાતાં અદાલતમાં ચાર્જશીટ કરવામાં આવેલ છે.

**૨.** સદર ગુના કામે, આરોપીને અદાલત સમક્ષ રજુ કરતાં, તેઓને પોલીસ તપાસના કાગળોની નકલ ક્રિમિનલ પ્રોસિજર કોડ ની કલમ - ૨૦૭ મુજબ વિના મુલ્યે આપવામાં આવેલ છે અને તેઓને ગુના અંગે પુછી પ્લી રેકર્ડ કરતાં, તેઓને ગુનો કબુલ હોવાનું જણાવેલ છે. અદાલત તરફથી તેઓને જણાવવામાં આવેલ છે કે, તેઓ ગુનો કબુલ કરવા બંધાયેલ નથી અને જો તેઓ પોતાના ખર્ચે વકીલ રોકી શકે તેમ ન હોય તો સરકાર તરફથી વકીલ મળી શકે તેમ છે અને તેઓ પોતાનો બચાવ કરી શકે તેમ છે. ત્યારબાદ પણ આરોપી પોતાનો ગુનો કબુલ હોવાનું જણાવેલ અને તે અંગે પોતાની સહીથી કબુલાત પુરસીશ આપેલ છે.

**3.** આરોપીએ એવી રજુઆત કરેલ છે કે, તેઓ ખુબ જ ગરીબ વર્ગના છે. તેઓના ઘરમાં પોતાના સિવાય કોઈ પણ ઈસમ કમાનાર નથી. હવે પછી ક્યારેય તેઓ કોઈપણ પ્રકારનો ગુનો કરશે નહી. તેઓ પોતાને સુધરવાની એક તક આપવા અજીજી કરે છે. જેથી દયાભાવ રાખી ઓછી સજા કરવા અરજ ગુજારેલ છે. વધુમાં, આરોપીઓએ **નો - કલેઈમ પુરસીશ** આપેલ છે અને જણાવેલ છે કે સદર ગુનાના કામે કબજે કરવામાં આવેલ મુદ્દામાલ કે જે આજદિન સુધી અત્રેની કોર્ટની કસ્ટડીમાં છે તે મુદ્દામાલ તેઓ ક્લેઈમ કરવા માંગતાં નથી.

**૪.** આરોપીને તેમની કબુલાત તેમની વિરુદ્ધ પુરાવો ગણાશે તેમજ સદર ગુના સબબ આરોપીને મહત્તમ કેટલી સજા થઈ શકે છે તેની પણ સ્પષ્ટ સમજ આપવા છતાં પણ આરોપી ગુનો કબુલ કરવા માંગતા હોઈ આરોપી તરફે રજુ થયેલ ઉપરોક્ત ગુન્હા કબુલાત પુરશીસ સ્વૈચ્છીક જણાય છે. હાલના કામે આરોપીએ સ્વૈચ્છીક કબુલાત આપેલ છે અને તેઓને ગુના સબબ પસ્તાવો વ્યક્ત કરેલ છે અને ભવિષ્યમાં કોઈ ગુનો નહી કરે તેવી મૌખિક ખાત્રી આપેલ છે. જેથી આરોપીની સ્થિતિ અને સંજોગોને ધ્યાને લઈ તેને સુધરવાની તક આપવા ન્યાયોચિત માની ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**હુકમ**

**૧.** આ કામના આરોપીને ભારતીય ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ- ૨૫૨ અન્વયે, જુગાર ધારાની કલમ- ૧૨ મુજબના ગુના સબબ તકસીર ઠરાવી કોર્ટ ઉઠતા સુધીની સજા અને રૂ. ૫૦૦/- (અંકે રૂપિયા પાંચસો પુરા) નો દંડ ભરવાનો હુકમ કરવામાં આવે છે. અને જો દંડ ન ભરે તો દિન - ૧ ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

**૨.** સદર કામે કબ્જે કરવામાં આવેલ મુદ્દામાલ પૈકી જે મુદ્દામાલ વચગાળાની કસ્ટડીએ પરત સોંપવામાં આવેલ છે તે મુદ્દામાલ અંગે કરેલ હુકમ આથી કાયમ કરવાનો હુકમ કરવામાં આવે છે. તેમજ મુદામાલ રોકડ રકમ સરકાર ખાલસા કરવાનો હુકમ કરવામાં આવે છે.

**૩.** અગાઉ વચગાળાની કસ્ટડીએ પરત સોંપવામાં આવેલ મુદ્દામાલ આથી બિન શરતી કાયમી ધોરણે સોંપવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ કાયમી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

**માંગરોળ.**
**તા. ૨૦/૦૪/૨૦૨૬.**

(જે.એસ. પરમાર)
**એડીશનલ ચીફ જ્યુડીશીયલ મેજી.,**
**માંગરોલ, જી.સુરત.**
**(Judge Code: GJ01155)**